# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-05-2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **તાજેતરમા પડેલા કમોસમી વરસાદને કારણે વ્યાપક નુકસાનની સમીક્ષા સાથે આજે રાજ્ય મંત્રીમંડળની ગાંધીનગરમાં બેઠક યોજાશે.**
2. **બીએસસી નર્સિંગ, ફિઝિયોથેરાપી સહિતના વિવિધ અભ્યાસક્રમ માટે 29 મેથી પ્રવેશ પ્રક્રિયા શરૂ થશે.**
3. **ભરૂચમાં ભારે વરસાદના પગલે નીચાણ વાળા વિસ્તારોમાં પાણી ભરાયા - મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં વરસાદની આગાહી.**
4. **અમદાવાદના ચંડોળા તળાવ પરથી ગેરકાયદે દબાણો દૂર કરીને તળાવ ઊંડુ કરવાની કામગીરી પુરજોશમાં.**
5. **આઇપીએલની એલિમિનેટરની મેચમાં ગુજરાત ટાઇટન્સ અને મુંબઇ ઇન્ડિયન્સ વચ્ચે 30મી મેના રોજ મુકાબલો થશે.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CABINET MEETING

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે કેબિનેટ બેઠક યોજાશે. આજે સવારે દસ વાગે યોજાનારી આ બેઠકમાં પ્રધાનમંત્રીએ ગુજરાતના 75 વર્ષની ઉજવણી અગાઉના મહત્વના લક્ષ્યાંકો નક્કી કરવાની સૂચના આપી હતી. આ સૂચના અંતર્ગત રોડ મે પ તૈયાર કરવાની ચર્ચા કરવામાં આવશે. અમારા ગાંધીનગરના અમારા પ્રતિનિધી દુર્ગેશ મહેતા જણાવે છે કે , તાજેતરમાં પડેલા ભારે વરસાદના પગલે કૃષિ પાકોને થયેલા વ્યાપક નુકસાન અંગેની ચર્ચા કરીને તેની વિગતો પણ કેબિનેટમાં રજૂ કરાશે. હાલમાં જે રીતે રાજ્યમાં કમોસમી વરસાદી વાતાવરણ સર્જાયું છે તે અંગેની પણ ચર્ચા કરવાની શક્યતા છે.

---

# ADMISSION PROCESS

શૈક્ષણિક વર્ષ 2025 26 માટે બીએસસી નર્સિંગ, ફિઝિયોથેરાપી, જીએનએમ, બી ઓપ્ટ્રોમેટ્રિક, બી ઓક્યુપેશનલ થેરાપીઓર્થોટિક્સ સહિતના વિવિધ અભ્યાસક્રમ માટે પ્રવેશ પ્રક્રિયાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. 29 મેથી પ્રવેશ પ્રક્રિયા શરૂ થશે. સંપૂર્ણ પ્રવેશ પ્રક્રિયા ઓનલાઇન રહેશે.29મી મેથી 11 જૂન સુધી વિદ્યાર્થીઓ પ્રવેશ સમિતિની વેબસાઈટ પરથી ઓનલાઇન પીનની ખરીદી કરી શકશે. 12 જૂન સુધી વિદ્યાર્થીઓએ ઓનલાઈન રજીસ્ટ્રેશન અને ડોક્યુમેન્ટ અપલોડ કરવાના રહેશે. 31 મેથી 13 જુન સુધી વિદ્યાર્થીઓએ નજીકના હેલ્થ સેન્ટર ખાતે

અરજી અને અસલ ડોક્યુમેન્ટની ચકાસણી કરાવવાની રહેશે.નર્સિંગ સહિત અલગ અલગ કોર્સના કુલ 51 હજાર થી વધુ બેઠક પર પ્રવેશ પ્રક્રિયા કરવામાં આવશે.

---

# ADMISSION SEMINAR

ધોરણ-૧૦ પછીના પ્રથમ વર્ષ અને આઈટીઆઈ ,ટીઈબીના કોર્ષ પછી બીજા વર્ષના ડિપ્લોમાં ઈજનેરીના કોર્ષમાં પ્રવેશ માટે ગવર્મેન્ટ ગર્લ્સ પોલિટેક્નિક , અમદાવાદ દ્વારા નિઃશુલ્ક માર્ગદર્શક સેમિનાર યોજાશે.. આ સેમિનાર પહેલી જૂનને રવિવાર અને સાતમી જૂનના શનિવારના રોજ ગવર્મેન્ટ ગર્લ્સ પોલિટેક્નિક નવરંગપુરા, અમદાવાદમાં યાજાશે.. ઓનલાઈન એડમિશન પ્રક્રિયા , સંસ્થા અને કોર્ષ અંગેની માહિતી તથા કારકિર્દી માર્ગદર્શન આપવામાં આવશે.

---

# WEATHER

હવામાન વિભાગે આગામી બે જૂન સુધી રાજ્યમાં છુટાછવાયા સ્થળોએ મધ્યમથી ભારે વરસાદની આગાહી કરી છે. આજે ગુજરાતના દાહોદ , મહિસાગર, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી અને દમણ , દાદરા નગર હવેલીમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે જ્યારે સૌરાષ્ટ્રમાં અમરેલી , ભાવનગર, ગીર સોમનાથ અને દીવમાં ભારે વરસાદની શક્યતા છે. સાથે જ ઉત્તર અને મધ્ય ગુજરાતમાં પણ 50-60 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. આવતીકાલ સુધી

રાજ્યના અલગ અલગ વિસ્તારોમાં પણ મધ્યમ અને ભારે વરસાદની આગાહી છે. જેને પગલે માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.

આ અંગે વધુ માહિતી આપી રહ્યા છે હવામાન નિષ્ણાંત ડૉ.એ.કે.દાસ

**(બાઈટ – ડૉ.એ.કે.દાસ)**

ભરૂચ જિલ્લામાં ભારે પવનના કારણે આવેલા વરસાદને કારણે અસંખ્ય વૃક્ષો ધરાશાયી થયા હતા. તેમજ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતા લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. અનેક મકાનોની છત પર વૃક્ષો પડવાની ફરિયાદ પણ મળી હતી જેના કારણે વીજ પુરવઠો ખોરવાયો હતો.

---

## KUNWARJI HALAPATI -E-RICKSHAW

તાપી જિલ્લાના સોનગઢ ખાતે રાજ્યમંત્રી કુંવરજી હળપતિએ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત તાલુકાની નવ જેટલી ગ્રામ પંચાયતને ફાળવવામાં આવેલ ઈ-રીક્ષાઓને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવી.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, “સફાઈ એ માત્ર સરકારની નહીં પરંતુ દરેક નાગરિકની સામૂહિક જવાબદારી છે. અને સરકાર મળતી સુવિધાઓનો વધુમાં વધુ લાભ લઈને પોતાના ગામને સ્વચ્છ અને સ્વસ્થ બનાવવાની દિશામાં પગલાં ભરવા જોઈએ.

---

# DAMAN- ROAD SAFETY CAMPAIGN

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં પોલીસ વિભાગ દ્વારા જાગૃતિના ભાગરૂપે માર્ગ-સલામતી અભિયાન શરૂ કરાયું. તે અંતર્ગત દમણ પોલીસ મુખ્યમથકથી યોજાયેલી વાહન રેલીને પોલીસ મહાનિર્દેશક મિલિન્દ મહાદેવે લીલીઝંડી બતાવી રવાના કરી હતી.

**(બાઈટ – મિલિંદ મહાદેવ)**

---

# AMC CHANDOLA TALAV

અમદાવાદ શહેરના ચંડોળા તળાવમાં કુલ  11 લાખ ચોરસ મીટરનું ક્ષેત્રફળ ધરાવતા વિસ્તારમાં, વ્યાવસાયિક પ્રકારના  700 દબાણો સહિત કુલ  12 હજારથી વધુ કાચા-પાકા દબાણો દૂર કર્યા પછી નીકળેલ કાટમાળને હટાવવા માટે મહાનગર પાલિકા દ્વારા ત્રણ હજાર  719 મટ્રિક. ટન જેટલો કાટમાળ દૂર કરવામાં આવ્યો છે.

તળાવમાંથી કાટમાળ દૂર કરવાની સાથે સાથે પાણીનો સંગ્રહ કરવા માટે તળાવને ઊંડું કરવાની કામગીરી પણ ઝોનમાંથી કરવામાં આવી રહી છે. તળાવમાં અંદાજે  2936  ચોરસ.મીટર ઉંડો ખાડો કરી આશરે મોટા પ્રમાણમાં માટી બહાર કઢાઇ રહી  છે. જે મહાનગરપાલિકાના ગાર્ડન વિભાગના ઘનિષ્ઠ વનીકરણ પ્રોજેક્ટ અંતર્ગત ગ્યાસપુર ખાતે ઉપયોગમાં લેવાશે

---

# IPL

આઇપીએલની મેચમાં હવે ગુજરાત ટાઇટન્સનો મુકાબલો એલિમિનેટરમાં મુંબઇ ઇન્ડિયન્સ સાથે થશે.

ગઈકાલે રમાયેલી મેચમાં લખનઉ સુપર જાયન્ટેસ સામે રોયલ ચેલન્જર્સ બેંગલુરૂએ 18.4 ઓવરમાં 4 વિકેટ ગુમાવી જીત હાંસલ કરી , આ સાથે જ રોયલ ચેલન્જર્સ બેંગલુરૂ પોઈન્ટ ટેબલ-2માં પહોંચી ગયું છે. પંજાબ ટોચના સ્થાને જ્યારે બેંગલુરુ બીજા ક્રમે છે. બેંગલુરુની આ જીતથી ગુજરાત ટાઈટન્સને સૌથી મોટું નુકસાન થયું છે. હવે ગુજરાત ટાઈટન્સ ત્રીજા ક્રમે પહોચી ગયું છે. જેના કારણે તે એલિમિનેટરમા રમશે અને તેમાં જીતે તો તેણે ક્વોલિફાયર-2માં પણ જીત હાંસલ કરવી પડશે તોજ તે ફાઇનલમાં પહોચશે .

---

# NO DRUGS CAMPAIGN

ગુજરાતના ૧૫ યુવાન પર્વતારોહકોની ટીમે હિમાચલ પ્રદેશની પીર પંજાલ રેન્જમાં આવેલી ૧૭ હજાર ૩૦૦ ફૂટ ઊંચી “માઉન્ટ ફ્રેન્ડશિપ” પર દુર્ગમ ચઢાણ અને અત્યંત નીચા તાપમાનનો સામનો કરી શિખર પર સફળતાપૂર્વક ચઢાણ કર્યુ હતું, આ ટીમે તિરંગો લહેરાવ્યો અને એ સાથે જ દેશના યુવાનોમાં નશાવિરોધી જાગૃતિ ફેલાવવાનો સંદેશ – “ No Drugs Campaign” – ગગનચુંબી શિખર સુધી પહોંચાડ્યો હતો.. આ ટીમે ૨૦ મેના રોજ પોતાની યાત્રાની શરૂઆત કરી અને ૨૬ મે શિખર સર કરી સફળતા પ્રાપ્ત કરી હતી

---

# SANAND BALIKA PANCHAYAT

સાણંદ તાલુકા પંચાયત ખાતે બેટી બચાવો , બેટી પઢાવો યોજના હેઠળ બાલિકા પંચાયતની સરપંચ અને ઉપસરપંચ દીકરીઓની તાલીમ યોજાઈ હતી. જેમાં દીકરીઓને પંચાયતી રાજ વ્યવસ્થા અને બાલિકા પંચાયતનાં કાર્યો અંગે તાલીમ આપવામાં આવી. આ તાલીમમાં દીકરીઓએ મહિલા કલ્યાણકારી યોજનાઓ અને સુરક્ષાના વિવિધ પ્રકલ્પો વિશેની જરૂરી માહિતી અને માર્ગદર્શન મેળવ્યું હતું.

---

# SURENDRANAGAR-CAMPAIGN

“વિશ્વ પર્યાવરણ દિવસની” ઉજવણીના ભાગરુપે, રેલવે તંત્ર દ્વારા સુરેન્દ્રનગર રેલવે મથક ખાતેથી પ્લાસ્ટિકનો કચરો એકઠો કરાયો. દરમિયાન લોકોને પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા સંદેશ અપાયો.

---

# AMRELI YOG SHIBIR

અમરેલીમાં યોજાયેલી "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ કાઉન્ટ ડાઉન યોગ શિબિર"માં અંદાજે 300 લોકોએ ભાગ લીધો. દરમિયાન ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગાભ્યાસ કરાવવામાં આવ્યો. ઉપરાંત મેદસ્વિતા દૂર કરવા યોગ અને પ્રાણાયામનો અભ્યાસ કેટલો મહત્વનો છે તે લોકોને સમજાવવામાં આવ્યું.

---

# BHAVNAGAR- RECRUITMENT FAIR

ભાવનગર જિલ્લા રોજગાર કચેરી દ્વારા આવતીકાલે ડૉ. આંબેડકર ભવન,પાનવાડી ખાતે ભરતીમેળો યોજાશે. સવારના સાડા દશ વાગે આયોજિત આ ભરતી મેળામાં બી.ઇ.મિકેનિકલ ,થી લઈને ધોરણ-૧૦ પાસ સુધીની લાયકાત ધરાવતા ઉમેદવારો માટે ખાનગી ક્ષેત્રની અંદાજિત ૫ કંપનીઓમાં આર.બી.એમ. બેન્કા મિત્રથી લઈને ટેલિકોલર સુધીની વિવિધ જગ્યાઓ ભરવાની હો વાથી રોજગારવાંચ્છુઓને સ્વખર્ચે ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે .

દરમ્યાન, પંચમહાલ જિલ્લાના ઘોઘંબા ખાતે પણ રોજગાર અને એપ્રેન્ટિસ ભરતી મેળો યોજાઇ ગયો ,જેમાં કુલ ૪૨ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવી છે.